
શ્રી રામચંદ્ર મીશન®
અંગત પ્રકાશન માટે
ECHOES INDIA
સપ્ટેમ્બર 2013 વર્ષ 6, અંક 5

## મણપાક્કમના સમાચારો

### જૂન 2013

બ્રહ્માંડ અને કાન્હાની યોજનાઓને લગતી જમીનની નોંધણીઓમાં માસ્ટર ઉત્કટ રૂચિ લઈ રહ્યા હોવાથી, આ પ્રયાસમાં નવી ઉર્જા જોવામાં આવી હોય એવું દેખાઈ રહ્યું છે. માસ્ટર ડોર્મ 'એ'માં આવ્યા હતા અને એમ કહીને વકતવ્ય આપ્યું હતું કે "હું પણ તમારી જેમ જમીનના માલિકોમાંનો એક માલિક છું અને આપણા બધાના લાભ માટે આનો નિર્ણય આવતો જોવા માટે હું પણ ઘણો આતુર છું."




માસ્ટરે બાબુજીનાં કેટલાંક પુસ્તકો કમલેશભાઈને આપ્યાં હતાં. તેમણે કમલેશભાઈને તેમની મૂળ ડાયરીનો સંગ્રહ પણ આપ્યો છે, જે માટે તેમણે કહ્યું હતું કે તે સદ્રશ ખજાનો છે અને ભવિષ્યમાં સૌને ઘણો જ કામમાં આવવાનો છે. માસ્ટરે કહ્યું હતું કે, "મેં ક્યારેય વિચાર્યું ન હતું કે તે કોઈને કામ આવશે. મેં ફક્ત મારી પોતાની જરૂરિયાત માટે લખ્યું હતું." માસ્ટરની તેમના હસ્તે લખેલી 1964 થી 1994 સુધીની તેમની ડાયરીઓ છે અને તે પછી 1995થી અત્યાર સુધી તેઓ સીધા કોમ્પ્યુટર પર ટાઈપ કરી રહ્યા છે.

એક દિવસે સવારે લગભગ પાંચ વાગે માસ્ટર 'ગાયત્રી'માં બાબુજીના બેડરૂમની બહાર બેઠા હતા અને ડાયરી લખી રહ્યા હતા ત્યારના એક પ્રસંગ વિષે માસ્ટરે કહ્યું હતું કે અચાનક બાબુજી બહાર આવ્યા હતા અને તેમને તે ડાયરી જોવા માગી હતી. માસ્ટરે તેમની ડાયરી તેમને બતાવી હતી ત્યારે બાબુજીએ કહ્યું હતું, "અરે, મેં જે કંઈ કહ્યું હતું તે બધું તમે તો લખી રહ્યા છો. આ બધું તમે કેવી રીતે યાદ રાખી શકો છો કે જેને હું પોતે યાદ નથી રાખતો?" માસ્ટરે કહ્યું હતું, "હું ફક્ત મારી જાતને તે તારીખમાં મૂકું છું અને મારી સામે તે બધું જ દેખાઈ આવે છે." આ સાંભળીને બાબુજી ઘણા ખુશ થયા હતા અને કહ્યું હતું, "આને જ સંશોધન કહેવાય છે."

ત્યારે માસ્ટરે એ વાતનો ઉલ્લેખ કર્યો હતો કે બાબુજીએ તેમને પૂછ્યું હતું કે તેઓ સૂવા માટે આડા પડે કે તરત જ કેવી રીતે ઊંઘી જાય છે. માસ્ટરે કહ્યું કે, "હું માત્ર કલ્પના જ કરું છું કે ઊંઘ મારા કપાળમાંથી મારી આંખોમાં નીચે ઉતરી આવે છે અને હું ઊંઘી જઉં છું." બાબુજીએ જવાબ આપ્યો હતો કે, "જુઓ, જથ્થાબંધ પેપરો અને મંતવ્યો લખવાનો અર્થ સંશોધન નથી. અસલ સંશોધન આ જ છે."

ત્યારે માસ્ટરે કહ્યું કે, "જ્યારે હું બાબુજી સાથે પ્રવાસમાં જતો હતો ત્યારે જ મોટાભાગનું કાર્ય હું શીખી ગયો હતો. તેઓ મને કાર્ય કરવા માટે કહેતા અને તેઓ તેનું નિરીક્ષણ કરતા. ઘણીવાર તો તેઓ મને તેમની બાજુમાં બેસવાનું કહેતા અને પ્રાણાહુતિ આપીને તેમની સાથે જ કાર્ય કરવા માટે કહેતા. તેમની સાથે દસ વર્ષ મને વધારે મળ્યાં હોત તો સારું હતું. બાબુજીએ મને કહ્યું હતું કે તેઓ મારી આસપાસ અને મારી સાથે 2006 કે 2007 સુધી રહેશે, પરંતુ તેઓ મને કેટલાંક વર્ષો જલદી છોડીને જતા રહ્યા."

### જુલાઈ 2013

થોડા મહિનાઓ પહેલાં, માસ્ટર ઈન્ટર નેટ પર 'મેની લાઈવ્સ, મેની માસ્ટર્સ'ના લેખક, બ્રાયન વેઈસ્સ દ્વારા પ્રત્યાગમનનો કાર્યક્રમ જોઈ રહ્યા હતા. બ્રાયન વેઈસ્સે 'મિરેકલ હેપન્સ' શિર્ષક હેઠળ એક નવું પુસ્તક લખ્યું છે અને માસ્ટરે આ પુસ્તક વાંચવાનું શરૂ કર્યું છે. પ્રત્યાગમનની પ્રક્રિયા દ્વારા લોકોનું તેમના પૂર્વ જન્મોમાં જવા વિષે તેમાં વાંચવાનું હતું. તેનાથી એ મુદ્દો જાણવા મળતો હતો કે આપણે સૌ એક જ છીએ અને એમાં ઘણા દાખલાઓ બતાવવામાં આવ્યા હતા કે આ જીવનની આપણી મુલાકાતો અને મેળાપો યોગાનુયોગ નથી પરંતુ આવા મેળાપો જુદા જુદા પૂર્વ જન્મોના અનુસંધાનમાં હોય છે.

માસ્ટર પાસે એક સાથે બે–ત્રણ પુસ્તકો હોય છે અને તેઓ તેમાંથી વાંચવા માટે દર વખતે એક પુસ્તક પસંદ કરે છે. ઓમેગા સ્કૂલના કેટલાક વિદ્યાર્થીઓ રજાના દિવસોમાં તેમને મોટેથી વાંચી સંભળાવવા માટે આવે છે. તેઓ જ્યારે વાંચનારને સાંભળી રહ્યા હોય છે, ત્યારે તેમની આંખો બંધ હોય છે અને જે વાંચવામાં આવી રહ્યું છે, તેના પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા હોય છે. તે વખતે તેઓ વાંચનારને સુધારવામાં મદદ પણ કરે છે. પછી તે છોકરો હોય કે છોકરી.







## સિંગાપુર મેડિટેશન સેન્ટરનું ઉદ્‌ઘાટન

બુધવાર 3જી જુલાઈ, 2013: માસ્ટરે કહ્યું હતું કે, "સિંગાપુરના આ મેડિટેશન સેન્ટરની આપણે ઘણા સમયથી રાહ જોઈ રહ્યા હતા." તેઓ ઘણા જલદી તૈયાર થઈ ગયા હતા. વિડિયો લીંક દ્વારા સિંગાપુરના અભ્યાસીઓ સાથે જોડાવાની બધી તૈયારીઓ થઈ ગઈ હતી. સિંગાપુરના અભ્યાસીઓને પહેલાં ધ્યાનમાં બેસવાનું કહ્યું હતું અને તે પછી માસ્ટર તેમની સાથે વિડિયો લીંકથી જોડાયા હતા. સિંગાપુર મેડિટેશન સેન્ટરમાં સત્સંગ જેવો પૂરો થયો કે તરત માસ્ટર આતુરતાપૂર્વક તેમની ઓફિસમાંથી ચાલતા આવ્યા હતા. તેમણે સિંગાપુરના બધા અભ્યાસીઓને શુભેચ્છાઓ પાઠવી હતી અને તે પછી સુંદર વક્તવ્ય આપ્યું હતું. જેમાં તેમણે બાલમંદિરના એક બાળજોડકણાનો ઉલ્લેખ કર્યો હતો, "ટ્વીંકલ ટ્વીંકલ લીટલ સ્ટાર' અને કહ્યું હતું કે, "તમને ખબર છે કે હીરો બહારથી ચમકતો નથી, પરંતુ તેમાં તેનું પોતાનું 'સંપૂર્ણ આંતરિક પ્રતિબિંબ' હોય છે. હીરાની અંદરનો પ્રકાશ કોઈપણ જાતના બંધન વગર પ્રતિબિંબિત થાય. એટલા જ માટે તે આટલો તેજસ્વી, આટલો સુંદર અને અદ્‌ભૂત હોય છે. આપણા હૃદયમાં રહેલા જે પ્રકાશ ઉપર આપણે ધ્યાન કરીએ છીએ તે પ્રકાશને વધવા દેવો જોઈએ અને તમારી અંદરથી જ તેને પ્રતિબિંબિત થવા દેવો જોઈએ કે જેથી એક દિવસ આપણે તારા જેવા બનીએ." તે પછી માસ્ટરે બાળકોને આગળ આવવા માટે કહ્યું અને તેમણે કહ્યું કે દરેક વસ્તુ કુદરતી રીતે કેવી રીતે અંદરથી વિકાસ પામે છે, એ જ રીતે આધ્યાત્મિક જીવન પણ અંદરથી વિકાસ પામવું જોઈએ.

એક દિવસ માસ્ટર જલદી જાગી ગયા હતા અને બહાર આવીને બેસવાનું નક્કી કર્યું હતું. માસ્ટર થોડીવાર મૌન બેઠા હતા અને સમાચાર પત્ર તેમને વાંચી સંભળાવવા માટે કહ્યું હતું. છતાં પણ, થોડીવારમાં, જેવો ભાઈ સતબીર આવ્યો, માસ્ટરનું મન તેમના ઈમેલ ચેક કરવામાં જતું રહ્યું હતું. તેમની વ્યાકૂળતા જોઈ શકાતી હતી અને તેઓ તેમના ઈમેલ ચેક કરવા લાગ્યા હતા. તેમના માટે કાર્ય હંમેશાં પહેલું હોય છે.

### બુધવાર 10જુલાઈ,2013

માસ્ટરે સવારના નવ વાગ્યાનો સત્સંગ કરાવ્યો હતો. તે લગભગ ચાલીસ મિનિટ ચાલ્યો હતો અને તે પછી ચાર લગ્નો અને એક સગાઈ કરાવી હતી. આ પછી તેઓ ઘણા થાકેલા લાગતા હતા, તેથી આરામ કરવા જતા રહ્યા હતા. એ જ દિવસે સાંજે, બહાર વરસાદ પડી રહ્યો હોવાથી માસ્તરે સત્સંગ પોર્ચમાંથી જ કરાવ્યો હતો. સત્સંગ પુરો થયા પછી, લગભગ અડધો કલાક સુધી ધોધમાર વરસાદ પડ્યો હતો.

માસ્ટરના આવનારા જન્મ દિવસની ઉજવણી માટે ચેન્નાઈમાં લગભગ 10,000 અભ્યાસીઓ માટે આયોજન કરવામાં આવ્યું હતું અને તે માટેની તૈયારી માટેનું બજેટ તેમને બતાવવા માટે કહ્યું હતું.


ચેન્નાઈમાં ચોમાસાની શરૂઆત થઈ ગઈ હતી અને એક રાત્રે માસ્ટર તેમની વ્હીલચેરમાં બહાર આવ્યા હતા અને ધોધમાર વરસતા વરસાદને જોવાનો આનંદ માણી રહ્યા હતા. તેમણે કહ્યું હતું કે "પાણીની આપણી સમસ્યાઓને દૂર કરવા માટે વરસાદ આ રીતે બે કલાક વરસવો જોઈએ."

માસ્ટર લગભગ રોજ પ્રશિક્ષકની સિટિંગો આપવા માટે નિયમિત થઈ ગયા છે. આ એક વસ્તુ એવી છે કે જે તેમને દિવસ દરમિયાન કરવી ગમે છે અને આ કાર્યમાં તેઓ એટલા બધા એકાગ્ર હોય છે કે જ્યાં સુધી તે કાર્ય પૂરું ન થાય ત્યાં સુધી બીજી કોઈ જ માહિતી માટે તેમને ધ્યાનભંગ કરી શકાતા નથી.

### શનિવાર 13 જુલાઈ,2013

દિવસ દરમિયાન માસ્ટર માટે કેટલીક સિટિંગો એક પછી એક ગોઠવેલી હોય છે. સવારના 7:15 વાગ્યા સુધીમાં, તેમણે તેમની સિટિંગો પૂરી કરી દીધી હતી અને તે પછી તેમની આંખની ચિકિત્સા શરૂ થઈ હતી. એલ. સુબ્રમનિયનનું સંગીત સાંભળતી વખતે માસ્ટરનું કેશકર્તન કરવામાં આવ્યું હતું. તે વખતે જ, તેમને સમાચાર મળ્યા હતા કે નજીકના તેમના સાથીઓમાંના એક

અભ્યાસીનો દેહાંત થયો હતો. માસ્ટરનો મૂડ બદલાઈ ગયો હતો અને તેઓ જુદી જ દુનિયામાં હોય તેવા દેખાતા હતા. તેમણે કહ્યું હતું કે, "એક સેકન્ડ અહીં, બીજી સેકન્ડમાં ગયા. ક્યાં, કોઈ જ જાણતું નથી." ત્યાર પછી, એક કલાક સુધી તેઓ પૂરેપૂરા શાંત બેસી રહ્યા હતા અથવા અવકાશમાં તાકી રહ્યા હતા.



## રવિવાર14 જુલાઈ,2013

માસ્ટરે મેડિટેશન હોલમાં જવા માટે યોજના બનાવી હતી, પરંતુ તેમના દાક્તરોએ તેમને કોટેજમાં જ રહેવાની સલાહ આપી હતી. કારણ કે સવારમાં તેઓ થોડા ડગુમગુ થતા હતા. કોટેજનો મુખ્ય હોલ માસ્ટર માટે લગ્નો કરાવવાનું સ્થળ બની ગયો છે. તેમણે સત્સંગ કરાવ્યો હતો અને પાંચ લગ્નો કરાવ્યાં હતાં.

ભાઈ સંસ્કિત કન્નન દ્વારા રાખવામાં આવેલા ગીતા પ્રવચનને સાંભળવા માટે માસ્ટર હોલમાં બેઠા હતા, તે એક કલાક ચાલ્યું હતું. અત્યાર સુધીમાં તેમણે ગીતાના છ અધ્યાય પૂરા કર્યા છે. દરેક અધ્યાયના અંતમાં, સામાન્યરીતે માસ્ટર સમાપન અભિપ્રાય આપે છે.

20મી જુલાઈએ, ભાર્ગવ યુએસએથી પાછો આવ્યો હતો. માસ્ટર ઘણા ખુશ થયા હતા અને કહ્યું હતું કે, "આવ બેટા, હું તારી જ રાહ જોઈ રહ્યો હતો." તેમણે થોડો સમય કુટુંબ સાથે ગાળ્યા પછી, જે લોકો હાજર હતા તેમને સિટિંગ આપી હતી. સિટિંગ પછી, વિવિધ ટ્રેનીંગ પ્રોગ્રામો વિષે માસ્ટરે ભાઈ વુલ્લિએમિએર અને ભાઈ આલ્બર્ટો સાથે ચર્ચા કરી હતી. તેમણે તે લોકોને કહ્યૂ હતું, "વિકાસ સાથે સંકળાયેલા અહ્મ વગર વિકાસ કેવી રીતે કરવો–તે જ રહસ્યની બાબત છે. પિતા કહે છે, 'આ કર.' 'મને ખબર છે.' વિકાસની શરૂઆતમાં કોઈક રીતે તે આવશ્યક હોય એમ લાગે છે, આત્મ વિશ્વાસ કેળવવો, દુનિયાનો સામનો કેવી રીતે કરવો, સામાજીક બનવું તે તમે જાણો છો. પણ તે પહેલી વાર આવતા દૂધિયા દાંત જેવું છે. તે પડી જવા જોઈએ. માટે એવી જ રીતે અહ્મ પરિપક્વ થવો જોઈએ અથવા જેને આપણે કહીએ કે તેનો માનવતામાં વિકાસ થવો જોઈએ."




## સોમવાર 22મી જુલાઈ, 2013 ગુરુ પૂર્ણિમા

જ્યારે અભ્યાસી તેના ગુરુની હાજરીમાં ગુરુની પાસે હોય છે, ત્યારે તે દિવસ અભ્યાસીના જીવનનો અતિશય અગત્યનો દિવસ હોય છે. આશ્રમ અભ્યાસીઓથી ભરાઈ ગયો હતો. માસ્ટર ઘણા જલદી તૈયાર થઈ ગયા હતા અને સવારમાં ઘણા ઓછા અભ્યાસીઓને મળ્યા હતા. હૈદરાબાદની ટીમ કાન્હા શાંતિ વનમની મોટા કદની પ્રતિકૃતિ લઈને આવી હતી અને માસ્ટરે તેને ઝીણવટથી જોઈ હતી. તેઓ પ્રતિકૃતિ જોઈને પ્રભાવિત થઈ ગયા હતા અને ગર્વભેર ઘણા અભ્યાસીઓને તે જોવા માટે બોલાવ્યા હતા અને તેના વિવિધ ભાગ તેમને સમજાવ્યા હતા.

માસ્ટરે મેડિટેશન હોલમાં સવારનો સત્સંગ કરાવ્યો હતો અને તે પછી વકતવ્ય આપ્યું હતું. વકતવ્યમાં તેમણે કહ્યું હતું કે સહજ માર્ગ પાસે આપણને આપવા માટે અનંત આશીર્વાદો છે, પરંતુ આપણી સાથે તેને લઈ જવા માટે આપણે કેટલા સમર્થ છીએ? તેમણે કહ્યું હતું કે, "તમારી જાતને નિષ્ઠાપૂર્વક તપાસવાની જરૂરતમાંથી અને તમારી જાતનું મૂલ્યાંકન કરવામાંથી તમારી જાતને બાકાત રાખશો નહીં અને કમ સે કમ હવે, એ બધી જ મલીન વસ્તુઓને કાઢવાનું શરૂ કરો કે જેની તમને ખબર છે કે તે તમારી પાસે છે."

## માસ્ટરના 87માં જન્મ દિવસના ઉત્સવો

માસ્ટર સવારમાં એકદમ જલદી તૈયાર થઈ ગયા હતા. રસોડાની ટીમ જે પ્રસાદ લાવી હતી, તેને તેમણે ધરાવ્યો હતો અને બધાની વિનંતીથી કેક પણ કાપી હતી. ભાઈ ક્રિષ્ના અને તેનાં કુટુંબીજનો તથા કમલેશભાઈ અને તેમના કુટુંબીજનો માસ્ટરને મળ્યા હતા. સૂર્ય ઉપર આવ્યો તે પહેલાં જ, કોટેજના દરવાજે અભ્યાસીઓનું વિશાળ જૂથ રાહ જોઈ રહ્યું હતું. માસ્ટર એમના બેડરૂમમાં બેઠા હતા અને માસ્ટરને મળવા અને શુભેચ્છાઓ પાઠવવા માટે કોટેજના સ્વયંસેવકો અભ્યાસીઓને અંદર જવા દેવામાં સરળતા કરી આપતા હતા. સવારનો સત્સંગ કરાવવા માસ્ટર બહાર આવે, તે પહેલાં લગભગ 250 અભ્યાસીઓ તેમને મળ્યા હતા. આ વર્ષે






ભંડારો ન હોવાને કારણે અભ્યાસીઓને તેમના સ્થાનિય કેન્દ્રોમાં ઉત્સવ ઉજવવાનું કહેવામાં આવ્યું હોવાથી, ચેન્નાઈનું જીવંત પ્રસારણ બતાવવા માટે વિડિયો લીંક નિયત કરવામાં આવી હતી. સત્સંગ, પુસ્તકનું વિમોચન, માસ્ટરનું વકતવ્ય અને તે પછી જાહેરાત કરવામાં આવી હતી કે તેઓ જઈ રહ્યા છે પણ તરત જ એમ કહ્યું કે બીજું વકતવ્ય આપીને તેઓ કંઈક કહેવા ઈચ્છે છે. તે પછી ભજનો ગવાયાં હતાં; મણપાક્કમમાં અને બીજે બધે જે અભ્યાસીઓ હાજર રહ્યા હતા તેમના માટે આ બધું જ સ્વર્ગીય અને ભવ્ય ભાવનાશીલ હતું.

એમના પહેલા વકતવ્યમાં, તેમણે આપણને એ યાદ અપાવ્યું હતું કે આપણી આધ્યાત્મિક ઉન્નતિ ફકત આપણા પૂરતી જ નથી. આપણાં બાળકોને વિકાસ પણ આપણી સાથે જ થવો જોઈએ અને આપણું સામાજીક વર્તુળ પણ આપણી સાથે જ વિકાસ પામવું જોઈએ. તેમણે એ પણ કહ્યું હતું કે, “પસંદગીની આઝાદી જ આપણા માટે અતિશય જોખમકારક છે; કારણ કે જ્યાં સુધી પસંદ કરવાનું ડહાપણ તમારામાં ન આવે ત્યાંસુધી બધી જ ખોટી વસ્તુઓને વખોડવામાં તે તમને મદદ કરે છે...સહજ માર્ગ સરળ છે પણ સરળ બનવા માટે હિંમતની જરૂર છે. તમારા હૃદયમાં જે છે તે કહેવા માટે તમે સમર્થ બનો તે માટે હિંમતની જરૂર છે.”



તેમના બીજા વકતવ્યમાં માસ્ટરે કહ્યું હતું કે, “તમારા બધા વગર મને એકલવાયું લાગે છે. ઉત્સવની શરૂઆત થાય તે પહેલાં, હું વિચાર્યા કરું છું કે તે બધા ફકત થોડા દિવસો માટે જ આવી રહ્યા છે અને તે પછી તે બધા મને છોડીને જતા રહેશે અને મને ઘણું જ એકલું લાગે છે, મને ઘણું દુ:ખ થાય છે. તેથી, મારા આધ્યાત્મિક માર્ગમાં મારા એકલવાયાપણાને દૂર કરવા માટે મને સાથીદારોની જરૂર છે, જેમની હાજરી હું હંમેશાં અનુભવી શકું, પછી તે અહીં હોય કે ન હોય.”

સવારના કાર્યક્રમ પછી, માસ્ટરે કોટેજમાં અભ્યાસીઓને મળવાનું ચાલુ રાખ્યું હતું. બપોરે, આશરે પચાસ રશિયન અભ્યાસીઓના સમૂહથી માસ્ટરનો બેડરૂમ ભરાઈ ગયો હતો અને વાતાવરણ બદલાઈ ગયું હતું, તેમાં હળવાશ આવી ગઈ હતી અને અચાનક માસ્ટરે સિટિંગ આપવાનું નક્કી કર્યું હતું! પાછળથી તેમણે રશિયા જવા માટે ઉત્કટ રૂચિ દર્શાવી હતી એટલે રશિયન ટીમ આવતા ઉનાળામાં તે માટેની યોજના બનાવી રહી છે. જ્યારે આવી સ્વયંસ્ફૂરિત અને આનંદી ઘટના બને છે ત્યારે માસ્ટરનું સ્વાસ્થ્ય કોઈ જ વાદવિવાદનો મુદ્દો બની ન શકે. તેમની ઉત્કટ રૂચિથી ઘણાની આંખમાં ખુશીનાં આંસુ આવી ગયાં હતાં.

સાંજે મેડિટેશન હોલમાં બાંસુરીવાદક ભાઈ શશાંકે સંયુકત ઢબમાં જલસાનું મનોરંજન કરાવ્યું હતું. જીવંત પ્રસારણ દ્વારા માસ્ટરે કાર્યક્રમનો એક ભાગ નિહાળ્યો હતો. દિવસનું સમાપન રોજની જેમ માસ્ટરે મુવી જોઈએ કર્યું હતું અને લગભગ 10 વાગે આરામ કરવા ગયા હતા.

**ગુરુવાર 25મી જુલાઈ, 2013**

માસ્ટર તેમની ઓફિસમાં હતા, તેમના ઈમેલ પર કામ કરતા હતા અને સત્સંગ પૂરો થવાની રાહ જોઈ રહ્યા હતા. તે પછી તેમણે





કમલેશભાઈનું ભાષણ ખૂબ ઉત્સુકતાથી સાંભળ્યું હતું. તે પછી મોલ્દોવા મેડિટેશન સેન્ટરનો ટૂંકો વિડિયો બતાવવામાં આવ્યો હતો. આ વિડિયો જોઈને માસ્ટર ઘણા જ ખૂશ થયા હતા. મેડિટેશન સેન્ટરની ડિઝાઈન સર્વોત્તમ હતી. રસોડું અને જમવાની જગ્યાની સુવિધાઓ ઉમદા પ્રકારની હતી. રહેવાની જગ્યા સમૃધ્ધ હોટેલની રૂમો જેવી દેખાતી હતી, ત્યારે માસ્ટરે કહ્યું હતું કે અવકાશયાન ઉડાન ભરી રહ્યું છે! માસ્તર અને કમલેશભાઈ ઘણા જ ખુશ થયા હતા અને નાના સેન્ટરમાં ઓછા અભ્યાસીઓ હોવા છતાં તેમના આવા પ્રયાસો જોઈને તેઓ રોમાંચિત થઈ ગયા હતા. વિડિયો જોયા પછી, માસ્ટરે આવેલા જૂથને સિટિંગ આપી હતી અને તે પછી રૂમમાં હાજર રહેલા દરેકને સિટિંગનો અનુભવ કહેવા કહ્યું હતું. દરેકે તેમને જે અનુભવ થયો હતો તે કહ્યો હતો અને દરેક પાસેથી અનુભવો સાંભળ્યા પછી માસ્ટરે કહ્યું હતું કે, “આ સિટિંગ વિશેષ હતી કારણ કે જે કાર્ય મેં કર્યું હતું તેમાં મેં વિશેષ કાર્યપધ્ધતિનો ઉપયોગ કર્યો હતો.”

માસ્ટર સફળતા અને નિષ્ફળતા વિષે વાત કરી રહ્યા હતા અને કહ્યું હતું કે, “નિષ્ફળતા વ્યક્તિગતરૂપે લક્ષણ ધરાવતી હોય છે. સફળતા નહીં. મારા ધંધાકિય વાર્તાલાપમાં હું હંમેશાં સહકાર વિષે કહેતો હતો, કે જ્યારે ગાડી સરસ રીતે બરાબર ચાલતી હોય, ત્યારે તમે કહી શકો છો કે તે કેમ ચાલી રહી છે. ત્યારે તમે એમ કહેતા નથી. પણ જો તે નથી ચાલતી, તો તમે તે ન ચાલવાનું કારણ જરૂરથી કહેશો.”

**ઓગસ્ટ 2013**

શુક્રવાર, 2જી ઓગસ્ટ, હિંદુ તિથિ અનુસાર માસ્ટરનો જન્મ દિવસ હતો અને બધા જ ભાઈઓ કોટેજમાં ધોતી અને ભૂરું ખમીસ પહેરીને આવ્યા હતા. માસ્ટરે સવારમાં પ્રસાદ આપ્યો હતો અને લગભગ પચાસ લોકો માટે બપોરના ભોજનની યોજના બનાવી હતી. તેઓ પ્રાંગણમાં આવ્યા હતા અને બધાની સાથે બપોરનું ભોજન લીધું હતું.

**નોર્થ અમેરિકન પ્રશિક્ષકનો સેમિનાર : 8 થી 10 ઓગસ્ટ**

8મીએ સવારે, માસ્ટરની તબિયત ઠીક ન હતી અને કોટેજની બહાર પ્રશિક્ષકો એકત્રિત થયા હોવા છતાં પણ તે કાર્યક્રમ બદલવામાં આવ્યો હતો અને બધા પ્રેક્ષકગૃહમાં પાછા ગયા હતા. કારણ કે માસ્ટર તેમને સંબોધી શકે તેવી સ્થિતિમાં હતા જ નહીં.

છતાં પણ, સાંજે, માસ્ટરે બધાને અચંબામાં મૂકી દીધા હતા અને બહાર આવ્યા હતા અને  કોટેજની બહાર બેઠા હતા. નોર્થ અમેરિકન પ્રશિક્ષકો માસ્ટર સાથે સમય ગાળી શક્યા હતા અને તેમણે સૌને સંબોધિત કર્યા હતા.

ભાઈ સંતોષ શ્રી નિવાસન અને ચૌદ ફેસીલિટેટરની ટીમ દ્વારા ‘પ્રશિક્ષકોના અનુભવને ગંભીરતાથી લેવા અંગેનો 140 પ્રશિક્ષકો માટેના એક કાર્યક્રમ’નું સંચાલન કરવામાં આવ્યું હતું. કમલેશભાઈએ પણ ત્રણેય દિવસ પ્રશિક્ષકોને વક્તવ્ય આપ્યું હતું. રવિવારે પ્રશ્નોત્તરીના કાર્યક્રમ સાથે સેમિનારનું સમાપન કરવામાં આવ્યું હતું.

**શુક્રવાર 9મી ઓગસ્ટ, 2013**

ઈદ પર, રમઝાનનો છેલ્લો દિવસ, જે એક મુસ્લિમ પરિવાર માટે પ્રણાલિકાગત દિવસ છે અને તે પરિવાર આશ્રમની નજીક રહે છે તેઓને આવીને માસ્ટરના આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા. માસ્ટરે તેમને આમંત્રિત કર્યા હતા, બધાં બાળકોને મળ્યા હતા, તેમને મિઠાઈઓ આપી હતી, પ્રસાદ આપ્યો હતો અને જે બધા ત્યાં હાજર હતા તે બધાને પણ પ્રસાદ આપ્યો હતો અને તે પછી સત્સંગ કરાવ્યો હતો.

**11 થી 17મી ઓગસ્ટ સુધી નોર્થ અમેરિકન સેમિનાર**




નોર્થ અમેરિકા અને કેનેડાથી આવેલા ભાઈઓ અને બહેનો માસ્ટરે આપેલા મુદ્દા પર પ્રવૃત્ત રહીને આધ્યાત્મિકરીતે વિકાસ પામવા માટે એક સાથે એકત્રિત થયા હતા: મુદ્દો હતો, “આધ્યાત્મિકતામાં પૂર્વગ્રહ મોટામાં મોટો અવરોધ છે.” સવિશેષમાં, માસ્ટરે પી. આર. ક્રિષ્ના, કમલેશભાઈ, રોબ ક્લિન્ગેર, કન્નન, વિનોદ અને બહેન ઈલિઝાબેથને વકતાઓ તરીકે નિયુક્ત કર્યા હતા.

કમલેશભાઈએ મિશનનાં પુસ્તકોને વાંચવાના મહત્ત્વ પર ભાર આપ્યો હતો અને એટલા જ માટે બપોરના સમયમાં આપણા ગુરુઓનાં પુસ્તકો વાંચવામાં સમય વિતાવવાનો પ્રસ્તાવ મૂક્યો હતો. તેમણે આપણા મહાન ગુરુઓનાં લખાણોમાં રહેલી પાર્શ્વભૂમિકાનું મહત્ત્વ સમજાવ્યું હતું.








◄ 15મી ઓગસ્ટે કમલેશભાઈએ ભારતીય સ્વાતંત્ર દિન નીમીતે ભરતીય ઝંડો ફરકાવ્યો હતો.






સહજ માર્ગ, આધ્યાત્મિકતાની ભુમિકા, યુવાનો તરીકે તેમની સાથે તે કેવો સંબંધ ધરાવે છે અને માસ્ટર તેમના જીવનમાં શી ભુમિકા ભજવે છે, એ વિષયોની ચર્ચા કરવામાં જે કિશોરોને રૂચિ હોય તેમની તાલીમ માટે સંમેલનની તત્પરતા બતાવી હતી.

ભાઈ વિક્ટર કન્નને શિક્ષકો અને વિદ્યાર્થીઓને યુ-કનેક્ટ (યુનિવર્સિટિ કનેક્ટ) કાર્યક્રમનો પરિચય કરાવ્યો હતો અને ભાઈ ક્રિષ્ના લીંગાએ કાર્યરત બનવા માટે ઉચ્ચ શિક્ષણમાં જોડાવા આમંત્રિત કર્યા હતા કે જેથી સહજ માર્ગને ભાવિ પેઢિઓ દ્વારા ફેલાવી શકાય.

આ સેમિનાર દરમિયાન ચેન્નાઈમાં સતત વરસાદ પડતો હતો, જે 16મી એ ધીમો પડ્યો હતો. દરરોજ સાંજની સિટિંગ પછી, બધા જ અભ્યાસીઓ માટે માસ્ટરનો દરવાજો ખૂલ્લો રાખવામાં આવતો હતો. 16મીએ સાંજે એક આઠ વર્ષના નીડર બાળકે માસ્ટરને પૂછ્યું હતું, “માસ્ટર, ઈશ્વરે પોતાને તમારી અંદર શા માટે સંતાડી રાખ્યા છે, તેઓ શા માટે પોતાને પ્રગટ કરતા નથી?” માસ્ટરે કહ્યું હતું, “જો ઈશ્વર પોતાને સંતાડી રહ્યા છે, તો તેની પાછળ કંઈક કારણ હોવું જોઈએ. જો એ કારણને પ્રગટ કરવામાં આવે, તો ‘પોતાને’ સંતાડી રાખવાનો મતલબ શું રહેશે?” ફક્ત માસ્ટર જ આવો સુંદર જવાબ આપી શકે છે.

17મીએ સાંજે, તેઓ હસી રહ્યા હતા અને બાળકોના વિશાળ જૂથ સાથે હાથ મિલાવી રહ્યા હતા. બાળકો માસ્ટરની આજુબાજુ રહીને ઘણાં જ ખુશ દેખાતાં હતાં. ધીમે ધીમે ઘણા બધા મોટા અભ્યાસીઓ પણ હિંમત કરીને માસ્ટરને શુભેચ્છા પાઠવવા આગળ આવી ગયા હતા, કેટલાક તો મિઠાઈઓ અને ભેટો સાથે આવ્યા હતા. માસ્ટરને તે બધા સાથે અતિશય ધીરજ અને શાંતિ રાખવાની ફરજ પડી હતી. સેમિનારના સંદર્ભમાં, એક ભાઈએ માસ્ટરને પૂછ્યું હતું, “માસ્ટર, પ્રેમ પૂર્વગ્રહની વિરુધ્ધ છે?” માસ્ટરે તરત જ જવાબ આપ્યો હતો કે, “પ્રેમની વિરુધ્ધ કશું જ નથી.” તેમણે કહ્યું હતું કે જેમ ઈશ્વરનું વિરુધ્ધ કશું જ નથી, તેમ પ્રેમની વિરુધ્ધ પણ કશું જ નથી.

જ્યારે પૂછવામાં આવ્યું કે તમને કેમ છે? ત્યારે તેમણે જવાબ આપ્યો હતો કે, “એટલું બધું સારું નથી પણ કોઈ ફરિયાદ પણ નથી.” તેમને જોવા એ ખૂબ જ હૃદયસ્પર્શી હતું અને મૌનની પળોથી ભરચક હતું.

આ સમગ્ર સેમિનાર દરમિયાન માસ્ટરની તબિયત ઠીક ન હતી. તેથી, તેમને નિયત કરેલી બધી જ મુલાકતો, સંમેલનો અને સત્સંગો રદ કરવામાં આવ્યા હતા, પણ માસ્ટરની સ્વયંસ્ફૂરણા જબરદસ્ત હતી. જ્યારે પણ તેમની તબિયત સારી રહેતી, તેઓ અચૂક ઉપલબ્ધ રહેતા, બહાર આવતા, અભ્યાસીઓને મળતા, બીજાઓએ આપેલાં ભાષણો પર નજર રાખતા, વગેરે... તેમણે ઉલ્લેખ કરતાં કહ્યું હતું કે, “અભ્યાસીઓને માટે મારી ઉપલબ્ધતાનું સંચાલન ત્યાં ઉપરથી વધારે ને વધારે થઈ રહ્યું છે (બાબુજી મહારાજ તરફ ઉપરની બાજુ બતાવીને) અને તે વધારે ને વધારે મર્યાદિત થઈ રહ્યું છે. જે કાંઈ અધિક માત્રામાં ઉપલબ્ધ હોય છે તેનું મૂલ્યાંકન રહેતું નથી. તેથી, હું સૌને મળેલી તકનો પૂરેપૂરો લાભ લેવા ભલામણ કરું છું.





## પૂજ્ય ગુરુજીનો 87મો જન્મ મહોત્સવ

પૂજ્ય ગુરુજીનો 87મો જન્મદિવસ ઉજવવા માટે પૂરા દેશમાં આખા દિવસના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. વિવિધ કેન્દ્રોમાં દિવસની શરૂઆત સવારના સત્સંગથી કરવામાં આવી હતી, ત્યારબાદ યુવા અભ્યાસીઓ અને બાળકો દ્વારા લઘુ નાટિકાઓ અને નૃત્યના કાર્યક્રમો કરવામાં આવ્યા હતા. અભ્યાસી ભાઈઓ અને બહેનો દ્વારા ગવાયેલા ભજનોથી વાતાવરણ ભક્તિભર્યું અને શાંત સર્જાયું હતું.

જ્યારે પૂજ્ય ગુરુજીને વિશાળ પડદા ઉપર જોયા, ત્યારે અભ્યાસીઓના હૃદયમાં આંતરિક આનંદ પ્રસરી ગયાની અનુભૂતિ થઈ હતી. ચેન્નાઈમાં ચાલી રહેલા કાર્યક્રમના જીવંત પ્રસારણથી માસ્ટરની પ્રત્યક્ષ હાજરી અનુભવાઈ હતી. થોડાં કેન્દ્રોએ પણ કેક કાપીને અને જન્મદિવસના ગીતો ગાઈને ઉજવણી કરી હતી. આ પછી, વ્હીસ્પર્સમાંથી સંદેશાઓનું વાંચન, બાળકો દ્વારા સાંસ્કૃતિક કે નાટિકાઓના કાર્યક્રમો થયા હતા.

ઘણાં કેન્દ્રોમાં આવાં સંમેલનોમાં, નિયમિત સત્સંગમાં આવતા અભ્યાસીઓ કરતાં ઘણી સંખ્યા વધારે હોય છે. લગભગ બધા જ કેન્દ્રોમાં, વકતવ્યો, નાટિકાઓ, સામૂહિક ચર્ચા વિચારણા, સહજ માર્ગના વિવિધ પાસાંઓને રજૂ કરતા પ્રોગ્રામો થયા હતા, જેમ કે સારું આચરણ, સમર્પણ, શ્રધ્ધા, લક્ષ્ય અને રસ્તો. લગભગ બધા જ કેન્દ્રોમાં માસ્ટરના જીવનની નોંધપાત્ર ઘટનાઓ, વકતવ્યો, નાટિકાઓ અને સામૂહિક ચર્ચા દ્વારા અભ્યાસીઓ સમક્ષ રજૂ કરવામાં આવી હતી.

બધાં જ મોટાં અને નાના એમ બધાં જ કેન્દ્રોએ ચર્ચાઓ અને અરસપરસને અસર કરતા કાર્યક્રમનું આયોજન કરવાનો પૂરતો પ્રયત્ન કર્યો હતો, જેથી લક્ષ્ય સુધી પહોંચવાના અભ્યાસીઓના વિચારો, હેતુ, ઈરાદાઓ અને આચરણને યોગ્ય દિશામાં ગોઠવાય. દિવસ આત્મનિરીક્ષણ કરવામાં વિતાવવામાં આવ્યો હતો અને ભક્તિ, પ્રેમ અને આંતરિક આનંદની લાગણી સાથે આખા ભારતના વિવિધ કેન્દ્રોમાં ઉજવવામાં આવ્યો હતો.


Ahmednagar


Nagpur


Gondia


Solapur


Bhilwara


Jodhpur


Jaipur


Phulgaon


Madurai


Kolkata


Ranchi


Chikali




## પંજાબનો પહેલો આશ્રમ–લુધિયાણા

લુધિયાણા–પખોવાલ રોડ ઉપર આવેલ આ આશ્રમ, લુધિયાણા રેલ્વે સ્ટેશનથી લગભગ 10 કિ.મી. ના અંતરે અને બસ સ્ટેશનથી 6 કિ.મી.ના અંતરે છે. તેનુ બાંધકામનું ક્ષેત્રફળ 2000 ચોરસ વાર છે, જેમાં બે માળનાં ત્રણ મકાનો છે, જેમાં માસ્ટર કોટેજ, ધ્યાન કક્ષ, ડોર્મેટરીઝ, બાળ વિભાગ, ઓફીસ અને શૌચાલયો છે. ધ્યાન કક્ષ 350 બેઠકોની ક્ષમતા ધરાવે છે. આશ્રમમાં યુ.એસ. નો વિશિષ્ટ રીતે ડિઝાઈન કરેલો અને માસ્ટર દ્વારા પ્રમાણિત કરવામાં આવેલો ઘંટ છે.

આશ્રમનું ઉદ્દઘાટન 22મી જુલાઈએ, ગુરુપૂર્ણિમાના દિવસે, લગભગ 300 અભ્યાસીઓની હાજરીમાં ઝોનલ ઈન્ચાર્જ, ભાઈ મેજર જનરલ (રીટાયર્ડ) હરભજન સિંઘે કર્યું હતું. માસ્ટરે ચેન્નાઈથી વિડિયો લીંક દ્વારા આશ્રમને ખુલ્લો મૂક્યો હતો અને બધા જ અભ્યાસીઓને આ સગવડનો, તેમની આધ્યાત્મિક ઉન્નતિ માટે ઉત્તમ ઉપયોગ કરવાની સલાહ આપી હતી. ત્યારબાદ ભાઈ શ્રી હરભજન સિંઘે સત્સંગ કરાવ્યો હતો અને અભ્યાસીઓને સંબોધ્યા હતા. લુધિયાણાના સી.આઈ.સી, ભાઈ રમન કપૂરે આ ઉત્તમ ભેટ આપવા માટે માસ્ટરનો આભાર માન્યો હતો અને બધા જ અભ્યાસીઓ અને સ્વયંસેવકોનો તેમના સહયોગ માટે આભાર માન્યો હતો. બધા જ અભ્યાસીઓએ પૂરા પ્રસંગ દરમિયાન દિવ્ય વાતાવરણનો અને માસ્ટરની હાજરીનો અનુભવ કર્યો હતો.

## મનમદુરાઈ, તામિલનાડુ

સિવાગંગાઈ જિલ્લામાં મનમદુરાઈ કેન્દ્ર ઘણાં વર્ષોથી પ્રશિક્ષક ભાઈ રાધાક્રિશ્નનના ઘરમાં કાર્યરત છે. તાજેતરમાં ભાઈ નિત્યનંદનમે પોતાની જમીનનો 33 ટકા ભાગ દાનમાં આપ્યો અને ત્યાં લગભગ 2400 ચોરસ ફૂટનો ધ્યાનકક્ષ, રસોઈઘર, શૌચાલય અને ઓફીસ બાંધવામાં આવશે. માસ્ટરની મંજૂરી સાથે પહેલો સત્સંગ 20મી જૂને, ઝોનલ ઈનચાર્જ ભાઈ ટી.વી. વિશ્વનાથ રાવ દ્વારા કરાવવામાં આવ્યો હતો. નજીકના કેન્દ્રોના લગભગ 200 અભ્યાસીઓએ આ સત્સંગમાં હાજરી આપી હતી અને સાંજના સત્સંગ સુધી રોકાયા હતા.





## વડકનગુલમ–તામિલનાડુ

વડકનગુલમ, તિરુનેલ્વેલી, થૂથ્થુડી અને કન્યાકુમારીના લગભગ 300 અભ્યાસીઓ વડકનગુલમ આશ્રમમાં માસ્ટરનો જન્મ દિવસ ઉજવવા અને નવા જ બાંધવામાં આવેલા માસ્ટર કોટેજના ઉદ્દઘાટન માટે ભેગા થયા હતા. આશ્રમનું નિર્માણ આંશિક–કાયમી ધ્યાનકક્ષ, શૌચાલયો અને માસ્ટરના કાયમી કોટેજની બાજુમાં પરાળની છતવાળું રસોઈઘર અને છત ઉપર અભ્યાસીઓ માટે કલાસરૂમ અને ડોરમેટરીઝ સાથે પૂરું છે.

સવારના 8.30 વાગે કોટેજનો વિસ્તાર ખુલ્લો મૂકવામાં આવ્યો અને સવારના 9.00 વાગે ભાઈ શ્રી એ.પી.દુરાઈ દ્વારા સત્સંગ કરાવવામાં આવ્યો ત્યારબાદ, બધી જ જગ્યાએ દિવ્ય હાજરી કેવી રીતે અનુભવવી અને આશ્રમમાં સ્થાનિયકરણ થવા ન દેવા ઉપર માસ્ટરનો સંદેશો વાંચવામાં આવ્યો હતો. આ પછી અભ્યાસીઓના પૂર્વતૈયારી વિનાનાં વકતવ્યો, સામૂહિક ચર્ચાઓ અને આશ્રમના ઈતિહાસનું અને ગુરુપૂર્ણિમાના દિવસની માસ્ટરની વાર્તાનું વિડિયો રજૂઆત બતાવવામાં આવી હતી. સત્સંગ સાથેની કાર્યક્રમની પૂર્ણાહુતિ પહેલાં, સહજ માર્ગ ઉપર પ્રશ્નોત્તરીનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

## પચ્ચાનુર, કેરાલા

માસ્ટરના સૂચન અનુસાર, 22મી જુલાઈએ, ગુરુપૂર્ણિમાના દિવસે, ઝોનલ ઈન્ચાર્જ ભાઈ કે.યુ.મોહન દ્વારા ધ્યાનકક્ષ માટેના નિર્માણનો પથ્થર મૂકવામાં આવ્યો હતો. 65 અભ્યાસીઓએ આ કાર્યક્રમમાં હાજરી આપી હતી, જેની શરૂઆત સત્સંગ સાથે થઈ હતી. ત્યારબાદ નિર્માણ પથ્થર મૂકવામાં આવ્યો હતો. ત્યાર પછી થોડા છોડ રોપવામાં આવ્યા હતા. નાસ્તા પછી અભ્યાસીઓ સામૂહિક ચર્ચા માટે ધ્યાન કક્ષમાં ભેગા થયા હતા. સેન્ટર ઈન્ચાર્જ ભાઈ ટી.વી.કુન્હી કન્નને તેમના સ્વાગત ભાષણમાં કહ્યું હતું કે જે દિવસે નિર્માણ પથ્થર મૂકાયો છે, તે દિવસ પચ્ચાનુર આશ્રમની પ્રગતિનું સીમાચિન્હ સાબિત થશે. તેમણે દરેકે દરેક અભ્યાસીને ત્યારપછીના બાંધકામના કાર્યમાં સંપૂર્ણ હૃદયપૂર્વક સહયોગ આપવા માટે વિનંતિ કરી. તેમણે કહ્યું કે તે અભ્યાસીઓને સેવા દ્વારા વિકસવા માટેનો માસ્ટરે આપેલો સોનેરી અવસર છે.



## વિકસતુ કેન્દ્ર–ઝોરા, મધ્ય પ્રદેશ





મધ્ય પ્રદેશના રતલામની નજીકમાં આવેલા નાના નગર ઝોરામાં ઘણાં વર્ષોથી ફક્ત દસ નિયમિત અભ્યાસીઓ હતા. 12મી જુલાઈએ બહેન રૂચીની પ્રેરણાથી ઓપન હાઉસનું આયોજન કરવામાં આવ્યું હતું અને 75 જિજ્ઞાસુઓ સહજ માર્ગમાં જોડાયા હતા. 24મી જુલાઈએ માસ્ટરનો જન્મ દિવસ નવા અભ્યાસીઓ સાથે ઝોરામાં ઉજવવામાં આવ્યો હતો. ત્યાર બાદ ઝોનલ ઈન્ચાર્જ ભાઈ પ્રભાકર દાસે, થોડા પ્રશિક્ષકો અને અભ્યાસીઓની સાથે 3જી અને ચોથી ઓગષ્ટે, ઝોરા અને રતલામ કેન્દ્રની આખા દિવસના કાર્યક્રમ માટે મુલાકાત લીધી હતી. ઝોરાના 65 નવા અભ્યાસીઓએ રતલામ અને મનસૌરના અભ્યાસીઓ સાથે કાર્યક્રમમાં હાજરી આપી હતી. ભાઈ દાસ દ્વારા સહજ માર્ગના અભ્યાસ ઉપર વાર્તા અને રજૂઆત આપવામાં આવી હતી અને પ્રશ્નોત્તરી કાર્યક્રમ અને પ્રશિક્ષકો સાથેની અનૌપચારિક ચર્ચાએ અભ્યાસીઓને તેમની શંકાઓના નિવારણ માટે સારી તક પૂરી પાડી હતી.

9મી અને 10મી ઓગષ્ટે 26 જિજ્ઞાસુઓ મિશનમાં જોડાયા હતા. આ રીતે એક જ મહિનામાં તે કેન્દ્ર કે જ્યાં દસકાથી એક ડઝન કરતાં પણ ઓછા અભ્યાસીઓ હતા, ત્યાં 112 કરતાં પણ વધુ અભ્યાસીઓએ સહજ માર્ગને જીવનની રીત તરીકે ઉત્સાહ સાથે અપનાવ્યો. ફેસિલિટેટર્સ અને નજીકના કેન્દ્રોના પ્રશિક્ષકો દ્વારા અનુસરણ કરવા યોગ્ય ભાઈચારો અને ટીમવર્ક બતાવવામાં આવ્યું.

### પરમકુડી, તામિલનાડુ

6ઠ્ઠી અને સાતમી જુલાઈના રોજ, 14 અભ્યાસીઓના જૂથે, પ્રશિક્ષક ભાઈ અરુણાચલમ(ચેન્નાઈ) સાથે પરમકુડી અને મનમદુરાઈ કેન્દ્રોની મુલાકાત લીધી હતી. 6ઠ્ઠી જુલાઈના દિવસે સવારના 11.30 વાગે પરમકુડીમાં લગભગ 25 સ્થાનિક અભ્યાસીઓ સાથે સત્સંગથી કાર્યક્રમની શરૂઆત થઈ હતી.

બપોરના જમણ પછી, બધા જ અભ્યાસીઓ મનમદુરાઈ કે જ્યાં તાજેતરમાં જ નવા ધ્યાન કક્ષનું ઉદ્દઘાટન કરવામાં આવ્યું હતું, ત્યાં જવા માટે આગળ વધ્યા હતા. સેન્ટર ઈન્ચાર્જ ભાઈ રાધાક્રિશ્નન અને ત્યાં ભેગા થયેલા 70 અભ્યાસીઓ દ્વારા તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું. આપવામાં આવેલા વિષયો ઉપરની સામૂહિક ચર્ચાએ હોલને ઉત્સાહથી ભરી દીધો હતો. ત્યારબાદ સાંજના 7.30 વાગે સત્સંગ રાખવામાં આવ્યો હતો અને રાત્રે અભ્યાસીઓ પરમકુડી પાછા ફર્યા હતા.

રવિવારે પરમકુડીમાં, રામન્થપુરમ, સિંગમપુનારી, મદુરાઈ, સિવાગંગાઈ, મનમદુરાઈ અને ચેન્નાઈથી 7 પ્રશિક્ષકો સાથે લગભગ 60 અભ્યાસીઓ આવ્યા હતા. સહજ માર્ગના મૂળ તત્ત્વો અને માસ્ટર, મિશન અને મેથડ ઉપરની ક્વીઝ અને પ્રશ્નોત્તરી કાર્યક્રમમાં અભ્યાસીઓનો ભાગ લેવાનો ઉત્સાહ દેખાતો હતો, જે ખરેખર આયોજકોને પ્રોત્સાહિત કરનારો હતો. આ દિવસે ત્રણ સત્સંગ રાખવામાં આવ્યા હતા. બધા જ કાર્યક્રમોનું આયોજન અને સંચાલન ભાઈ અરુણાચલમ દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ, અભ્યાસીઓને સહજ માર્ગને વધારે સારી રીતે સમજવા માટે ખુબ જ ઉપયોગી હતો.

### બાણશંકરી, બેંગલોર

કન્નડ ભાષામાં 'મનન–સાધના, ચિંતન શિબિર' કાર્યક્રમ, બે ભાગમાં 13–14 જુલાઈ અને 3–4થી ઓગષ્ટના રોજ લગભગ 110 અભ્યાસીઓ માટે આયોજીત કરવામાં આવ્યો હતો. તેનું આયોજન અને સમન્વય ભાઈ શ્રીનિવાસન દ્વારા અને તેનું સંચાલન ફેસિલિટેટર બહેન વસંથાકુમારી, ભાઈ ડો. ક્રિશ્નમૂર્તી અને ભાઈ બી.જી સુબ્રમન્ય સાથે કરવામાં આવ્યું હતું જેમણે કાર્યક્રમમાં સાધનાના મૂળ તત્ત્વોને વિસ્તારથી સમાવી લીધાં હતાં. અભ્યાસીઓને સાધનાના સૂક્ષ્મ તત્ત્વોને બહાર લાવવા માટે, સમૂહમાં ચર્ચા કરવા અને રજૂઆત કરવા માટે કેટલાક પ્રશ્નો સાથે વિષયો આપવામાં આવ્યા હતા. કો–ઓર્ડીનેટરો દ્વારા, માસ્ટરના અવતરણો અને પ્રશ્નોત્તરી કાર્યક્રમ દ્વારા કરવામાં આવેલા ખુલાસાઓ અને સ્પષ્ટતાઓથી બધી જ શંકાઓને દૂર કરવામાં મદદ મળી હતી. પ્રતિભાવ ઉત્સાહપ્રેરક હતો અને આ કાર્યક્રમે આધ્યાત્મિક પ્રગતિને ઝડપી બનાવવા માટેની તડપ વિકસાવવામાં મદદ કરી હતી.



# યુવા કાર્યક્રમો

## મુંબાઈ, મહારાષ્ટ્ર

નવા બંધાયેલા તાલીમ કક્ષમાં, 3જી ઓગસ્ટ, 2013ના રોજ, ભાઈ મોહનદાસ હેગડે દ્વારા આયોજીત 'સહજ માર્ગમાં રૂચિને પુનઃસ્થાપિત અને પુનઃજીવિત કરો.' સત્રમાં મુંબઈ અને પુના કેન્દ્રના ત્રેસઠ યુવાનોએ ભાગ લીધો.

પ્રારંભિક પ્રસ્તાવના બાદ, તેઓને પોતાની ડાયરીઓમાં કોઈ એક પ્રતિબધ્ધતાને નોંધવા અને આ સત્રમાં તેઓ જે ગ્રહણ કરે તેના થકી તેને પરિપૂર્ણ કરવા માટે જણાવવામાં આવ્યું. ત્યાર બાદ, 'સંતુલિત જીવનની આવશ્યકતા' ઉપર રજૂઆત અને 'દૈનિક અભ્યાસમાં રૂચિ વિકસિત કરો' અને 'સંસ્કાર રહિત જીંદગી કેવી રીતે જીવવી' તે વિષયો ઉપર સમૂહ ચર્ચા કરવામાં આવી. આ ચર્ચાઓએ તેમને દૈનિક સાધનામાં રૂચિ વિકસાવવા માટે રસપ્રદ ખ્યાલોને લાવવામાં મદદ કરી. ભાઈ હેગડેએ સહજ માર્ગના હેતુઓ સાથે સત્રનું સમાપન કર્યું અને ત્યાર બાદ સાંજનો સત્સંગ કરવામાં આવ્યો.

28મી જુલાઈ, 2013ના રોજ, પંદર અભ્યાસીઓને યુવા બેઠકમાં હાજરી આપી. તેઓએ દૈનિક કાર્યોને તેમની યાદમાં કેવી રીતે કરવા જોઈએ જેથી કાર્ય પૂજા બની જાય તેની ઉપર ચર્ચા કરી. કેટલાક અભ્યાસીઓએ વિષય ઉપરના પોતાના અનુભવોની આપ-લે કરી. વિષયને સંબંધિત મિશનના સાહિત્યમાંથી અમુક અંશોને વાચવામાં આવ્યા.





## શ્રી ગંગાનગર, રાજસ્થાન

'સ્વ-અનુસાસન' ઉપરના એક સત્રમાં પંદર અભ્યાસીઓએ ભાગ લીધો. વિષય ઉપર નાના કલીપ દર્શાવવામાં આવ્યા. ત્યાર બાદ, બાબુજીના અવતરણ, 'જે શિસ્તબધ્ધ છે, તે જ શિષ્ય છે.' તે વિષય ઉપર ચર્ચા શરૂ થઈ. ચર્ચાનો તે નિષ્કર્ષ નીકળ્યો કે નિયમિત દૈનિક સાધના અને દસ નિયમોનું અનુસરણ દરેકને સ્વ-અનુસાશિત બનવામાં અને જીંદગીના સાચા લક્ષ્યને હાંસલ કરવામાં મદદ કરે છે.

## કોલકાતા, પશ્ચિમ બંગાળ

કોલકાતાના અને તેની આસપાસના કેંન્દ્રો જેવા કે રાનીગંજ, આસનસોલ, ઝારગ્રામ અને દુર્ગાપુરના આશરે ચાળીસ અભ્યાસીઓએ બીએમએ કોલકાતા ખાતે બે દીવસીય યુવા પ્રોગ્રામમાં હાજરી આપી. કાર્યક્રમની શરૂઆત સાંજના સત્સંગથી કરવામાં આવી. ત્યાર બાદ, 'તેને પાર કરો' ભજન ઉપર આધારિત પ્રારંભિક સત્ર શરૂ કરાયું. 'અંદરના અને બાહ્ય સંતુલન'ના ભાગ રૂપે, દસ નિયમોમાંથી લીધેલા વિષયો ઉપરના અભિનયે, તેઓને દસ નિયમોને અનુસરવા માટે ગંભીરપણે પ્રયાસ કરવા માટે પ્રોત્સાહિત કર્યા. પછીની સવારે, સાધના માટેના ચાવીરૂપ મુદ્દાઓને સંબંધિત, માસ્ટરના પ્રવચનોના અંશોને વચ્ચે થોડા અંતરાલ સાથે સંભળાવવામાં આવ્યા જેથી તેઓએ જે સાંભળ્યું તેના ઉપર ચિંતન કરી શકે. સંગેમરમર અને પાઈપોની દોડવાની પ્રતિયોગિતાએ આપણા જીવનમાં સંતુલનને જાળવવા ઉપર પ્રકાશ પાડ્યો. 'માત્ર બે મિનીટ'ના સત્રમાં સહભાગીઓને આપેલા વિષય ઉપર માત્ર બે મિનીટ માટે બોલવા દીધા. કાર્યક્રમનું સમાપન, સાંજના સત્સંગથી કરાયું જેના પછી કાર્યક્રમના પ્રતિભાવ માટેનું સત્ર હતું.



## મુંબઈ – અલીબાગની સફર

15મી જુને, થોડા પ્રશિક્ષકો સાથે પચાસ યુવાનોએ, પનવેલ આશ્રમથી અલીબાગ જવા પ્રસ્થાન કર્યું. સફરનો હેતુ એક બીજાથી પરિચિત થવાનો અને તેમની યાદમાં સમય પસાર કરવાનો હતો. સ્થળ ઉપર પહોંચ્યા બાદ, માસ્ટરના પ્રવચનને સંભળાવવામાં આવ્યું ત્યારે બાદ દસ નિયમો ઉપર આધારિત પ્રવૃત્તિઓ શરૂ કરવામાં આવી. અલીબાગના શહેર વિસ્તારમાં મધ્યાહ્ન ભોજન બાદ, સાંજે દરિયા કિનારે વિતાવવામાં આવી. રાત્રી ભોજન બાદ, ભાઈ આઈઝેક એડીઝનો

...contd.

વિડિઓ દર્શાવવામાં આવ્યો.

ત્યાર બાદ, થાકેલું યૌવન સૂવા માટે ગયું. છોકરાઓ ભાઈ ટીલ્લુના ફાર્મ હાઉસમાં રહ્યા અને છોકરીઓએ રાત્રી બહેન પીના શાહના નિવાસસ્થાને પસાર કરી. પછીની સવારનો સત્સંગ પુનઃસંચારણ કરનારો હતો ત્યાર બાદ 'પોતાની જાતને સાધના અને મિશનના કાર્યમાં વધારે અને વધારે કેવી રીતે સામેલ કરવી' વિષય ઉપર ચર્ચાનું સંચાલન કરવામાં આવ્યું. આ સત્ર બાદ, પનવેલ આશ્રમ પાછા ફરતા, યુવાનોએ નાગોથાણેની નજીકના કેન્દ્રની મુલાકાત લીધી.



## નવી નિમણુંકો

**ભાઈ દીલીપ કુમાર સીંગ**
ફતેહપુર, યુ.પી.

**ભાઈ પ્યારેલાલ**
મુઘલસરાઈ, યુ.પી.

**ભાઈ રવિ કુમાર જૈન**
રોબર્ટ્સગંજ (સોનીભદ્રા), યુ.પી.

**ભાઈ જે. કે. મેહરોત્રા**
બાહ્રાઈચ, યુ.પી.

**ભાઈ નરેશ ચાવરા**
ધનબાદ, ઝારખંડ

**બહેન એલીઝાબેથ ડેન્લી**
ડાયરેકટર, હિસ્ટરી અને આર્કાઈવ વિભાગ

### આમંત્રણ

પ્રકાશન ટીમ, અભ્યાસીઓ તથા તેઓના બાળકોને પ્રકાશન માટેની રચનાત્મક સામગ્રી માટે યોગદાન આપવા આમંત્રણ આપે છે, પ્રસ્તુતિ નિમ્ન દર્શાવેલી કોઈ પણ એક અથવા વધારે શ્રેણીઓમાં હોઈ શકે છે.

- કલા, કોઈ પણ વસ્તુઓને ચોંટાડીને બનાવેલું ચિત્ર, ચિત્ર, અથવા કોઈ પણ પ્રકારની કલા–કારીગરી જે તમારું પોતાનું સર્જન હોય.
- તમે વ્યક્તિગત રીતે લીધેલી તસવીરો.

એડોબી ફોટોશોપનો અથવા તેવા પ્રકારના સોફ્ટવેરનો ઉપયોગ કરીને તૈયાર કરેલી ભાતીગળ રચના – આવી રચનામાં ઉપયોગમાં લેવાયેલા કલા–કારીગરી કે પ્રતિકૃતિના સ્પષ્ટ સંદર્ભ સાથે.

આવી પ્રાપ્ત થયેલી ભાતીગળ રચનાઓનું પ્રકાશન ટીમ દ્વારા સમીક્ષા થશે અને તેને મિશનના પુસ્તકના અથવા ઓડિઓ–વિડિઓ પ્રકાશનના મુખપૃષ્ઠની ડિઝાઈન તરીકે પસંદ થઈ શકે છે. તમારી સામગ્રીને વિચારણા માટે મોકલવાથી, મહેરબાની કરીને આ વાતની નોંધ લેશો કે તમે પ્રકાશનના સંપૂર્ણ હક્કો 'સ્પિરીચ્યુઅલ હાઈરારકી પબ્લિકેશન ટ્રસ્ટ' ને મંજુર કરી રહ્યા છો.

આ યોગદાનોને નિમ્નલિખિત રીતે વહેંચી શકો છો:

- ઈલેકટ્રોનિક રીતે, design@shpt.in ઉપર ઈ મેઈલ દ્વારા લો રેસોલ્યુશન (1 એમબી કરતા ઓછી) નકલ મોકલીને. જો તમારી કૃતિને પસંદ કરવામાં આવશે તો તે કિસ્સામાં હાયર રેસોલ્યુશનની ફાઈલ માટે વિનંતી કરવામાં આવશે.
- નિમ્ન સરનામે ટપાલ મોકલીને

ડિઝાઈન ટીમ,

સ્પિરીચ્યુઅલ હાઈરારકી પબ્લિકેશન ટ્રસ્ટ

એડમીન બીલ્ડીંગ, બાબુજી મેમોરીયલ આશ્રમ

મણપાક્કમ, ચેન્નાઈ, 600 025

### પૂજ્ય માસ્ટરના સ્વાસ્થ્યની તાજાખબર

વહાલા ભાઈઓ તથા બહેનો,

પૂજ્ય માસ્ટરના સ્વાસ્થ્યની હાલત વિષે માહિતી આપવા માટે તમારી પાસે પાછો આવું તે પહેલાં મેં ઘણો સમય લીધો તે બદલ દિલગીર છું. પૂજ્ય માસ્ટર હાલની સારવારને ઘણો સારો પ્રતિસાદ આપી રહ્યા છે, પણ દવાઓની આડ–અસરોએ તેમને ઘણા નબળા બનાવી દીધા છે.

તેમણે તેમની ફિઝીઓથેરાપીને નિયમિત રીતે ચાલુ રાખી છે જે કેવળ તેમની સંકલ્પ શક્તિને કારણે છે.

તેમના બધા જ પેરામિટર સામાન્ય છે. તેમના સારા સ્વાસ્થ્ય માટે પ્રાર્થના કરતા રહેશો.

તેઓ તમારા બધાની પ્રાર્થનાઓ જે તેમને મદદ કરી રહી છે તેને માટે તમારા આભારી છે.

નિષ્ઠાપૂર્વક આપનો, ડો. નટવર શર્મા

## નવા પ્રકાશન




ઈન્સ્પિરેશન
ડીવીડી અંગ્રેજી




રેર ઓપોર્ચ્યુનીટી
ડીવીડી અંગ્રેજી




ઈન્વેરટેન્ડો
ડીવીડી અંગ્રેજી



વન વર્લ્ડ, વન ફેમીલી
ડીવીડી અંગ્રેજી



ડિસીપ્લિન એન્ડ બ્રધરહુડ,
ડીવીડી અંગ્રેજી



કોમેન્ટ્રી ઓન ટેન મેકસીમ
એન્ડ એફીકસી ઓફ રાજયોગ
એમ.પી.3 અંગ્રેજી




કોમેન્ટ્રી ઓન ટેન મેકસીમ
એન્ડ એફીકસી ઓફ રાજ યોગ
એમ.પી.3 તામિલ




કોમેન્ટ્રી ઓન ટેન મેકસીમ
એન્ડ એફીકસી ઓફ રાજ યોગ
એમ.પી.3 હિંદી



રીઆલીટી એટ ડોન
એમ.પી.3 હિંદી



વીઝડમ ટુ વન્ડર
અંગ્રેજી



સ્પાઈડર વેબ વોલ્યુમ 3
અંગ્રેજી




ઈન હીઝ ફૂટ સ્ટેપ વોલ્યુમ 3
તેલુગુ



ડાઉન મેમોરી લેન
હિંદી




હાર્ટ સ્પીક 2003


ટેલ્સ ઓફ વન્ડર વોલ્યુમ 1
કન્નડ



પ્રિફેકટ્સ ડિરેકટરી
અંગ્રેજી



ધી હાર્ટસ્ એડવેન્ચર

# ઈરોડ આશ્રમ, તામિલનાડુ

## પ્રકાશનું કેન્દ્ર







ઈરોડ કેન્દ્રનો સો પ્રથમ અભ્યાસી કોઈમ્બતુરથી બદલીને કારણે આવ્યો હતો. ઈરોડ ખાતે તેમણે પહેલા માળે ધ્યાન કક્ષ સાથેનું મકાન બાંધ્યું હતું. આમ ઈરોડ કેંન્દ્ર ફેબ્રુઆરી 1982માં શરૂ થયું હતું. તેઓ 1993માં ઈરોડ ખાતે સૌ પ્રથમ પ્રશિક્ષક બન્યા હતા. જ્યારે અભ્યાસીઓની સંખ્યા વધી ત્યારે તેમણે ધ્યાન કક્ષને તેમના મકાનના વાડામાં નવા તંબુ સાથે ખસેડ્યું જેમાં 200 અભ્યાસીઓ બેસી શકતા.

માસ્ટરે 3જી નવેમ્બર 2000ના રોજ ઈરોડની તત્કાલ મુલાકાત લીધી. તેમણે સત્સંગનું સંચાલન કર્યું અને તેમના ટૂંકા રોકાણ દરમ્યાન દરેક અભ્યાસીને આશ્રમ માટે જમીનની જરૂરિયાત જણાઈ. પછી, તરત જ અત્તાચમ્પાલચમ ખાતે જમીન ખરીદવામાં આવી જે રાષ્ટ્રીય ઘોરી માર્ગ 47 ઉપર ભવાની અને પેરુનદુરાઈ વચ્ચે આવેલી છે.

24મી ઓક્ટોબર, 2001ના રોજ, સાત એકર જમીનની સોસાયટીના નામે નોંધણી કરાઈ. 2.38 એકર જમીન આશ્રમ માટે ફાજલ રખાઈ અને બાકીની જમીન અભ્યાસીઓ વચ્ચે વહેંચી દેવામાં આવી. 60'x40' ક્ષેત્રફળ સાથે પરાળના છાપરાવાળો ધ્યાન કક્ષ ડીસેમ્બર 2001માં બાંધવામાં આવ્યો જે આશરે 250 અભ્યાસીઓને સમાવી શકે છે. પુરાણું નળીયાવાળુ મકાન, જે જ્યારે જમીન ખરીદવામાં આવી ત્યારે હયાત હતું, તેને પ્રિય માસ્ટરના આરામદાયક રોકાણ માટે જરૂરી ફેરફારો સાથે હાલમાં માસ્ટર કુટીર તરીકે ઉપયોગમાં લેવાય છે.

માસ્ટર જમીનની નોંધણી માટે 1લી એપ્રિલ 2002ના રોજ ઈરોડ આવ્યા અને બે દિવસ રહ્યા. તેમણે કહ્યું કે, "ઈરોડ આશ્રમ આજુબાજુના કેંન્દ્રો માટે નાભિ તરીકે કામ કરશે. તદ્અનુસાર, આજુબાજુના કેંન્દ્રોના બધા જ અભ્યાસીઓ દર મહિનાના બીજા રવિવારે અહીં એકત્રિત થાય છે. જ્યારે જ્યારે માસ્ટર જમીન માર્ગે તિરુપુર જાય છે ત્યારે ત્યારે ઈરોડ ખાતે તેમની મુસાફરીમાં વિરામ કરે છે. આશરે 4000 ચોરસ ફૂટ ક્ષેત્રફળ ધરાવતા કાયમી રસોડા અને ભોજનકક્ષનું બાંધકામ 2010માં શરૂ કરાયું હતું. માસ્ટર 14મી મે, 2011ના રોજ, તિરુપુર જતા ઈરોડ આવ્યા હતા. તેમણે નવા રસોડા અને ભોજનખંડનું ઉદઘાટન કર્યું હતું અને ત્યાર બાદ સત્સંગનું સંચાલન કર્યું હતું.

આશ્રમમાં બીજી સવલતો જેવી કે શૌચાલયો, વિદ્યુત જનરેટર માટેનો ઓરડો, અતિથિ કક્ષ, સુરક્ષાકર્મીઓ માટેનો ઓરડો, બાળ ખેલ ક્ષેત્ર. દર રવિવારે ઈરોડ કેંન્દ્રના આશ્રમ ખાતે આશરે 200 અભ્યાસીઓ સત્સંગમાં હાજરી આપે છે. અને ત્રણ મહિનામાં એક વાર આજુબાજુનાં કેંન્દ્રો જેવાં કે કરુમંડમપલાયમ, અરાચાલુર, ભવાની, પેરુનદુરાઈ, ગોબી, કવિન્ડાપડી, સત્યામંગલમ, અને પલ્લિપલયમ માટે આખા દિવસનો કાર્યક્રમ આયોજીત થાય છે. અભ્યાસીઓની વિકસતી સંખ્યાને સમાવવા નવા ધ્યાન ખંડનું આયોજન કરાઈ રહ્યું છે.






To download or subscribe to this newsletter, please visit http://www.sahajmarg.org/newsletter/india For feedback, suggestions and news articles please send email to in.newsletter@srcm.org

© 2013 Shri Ram Chandra Mission ("SRCM"). All rights reserved. “Shri Ram Chandra Mission", "Sahaj Marg", “SRCM”, “Constant Remembrance” and the Mission's Emblem are registered Trademarks of Shri Ram Chandra Mission.This Newsletter is intended exclusively for the members of SRCM. The views expressed in the various articles are provided by various volunteers and are not necessarily those of SRCM.